# અધ્યાય ૨૫

# ભકત-અભીષ્ટસંપાદન

**શ્રી ગણેશાય નમઃ । શ્રી સરસ્વત્યૈ નમઃ । શ્રી ગુરુભ્યો નમઃ ।**
**શ્રી કુલદેવતાયૈ નમઃ । શ્રી સીતારામચંદ્રાભ્યાં નમઃ ।**
**શ્રી સદ્‌ગુરુસાઈનાથાય નમઃ ।**

**ઉપોદ્‌ઘાત :** શ્રી સાઈબાબાને પ્રણામ કરી આ અધ્યાયનો પ્રારંભ કરીશું. બાબા દયાના સાગર છે. ઈશ્વરના અવતાર છે. મહાન યોગેશ્વર પરબ્રહ્મ છે. સર્વ સંતોના શિરોમણિ છે. શ્રી સાઈ સદા વિજયતેતરામ્. બાબા સર્વ મંગળ વસ્તુઓનું સ્થાન છે. ભકતોના આત્મારામ છે અને તેમનું શરણ શક્તિવંતું છે. જીવનનું અંતિમ લક્ષ્ય સાધનાર શ્રી બાબાના ચરણમાં આપણે સૌ સાષ્ટાંગ પ્રણામ કરીએ.

શ્રી સાઈબાબા દયાનો ભંડાર છે. સર્વ હૃદયના ભાવથી તેમની ભક્તિ કરવાની છે. જ્યારે દૃઢ શ્રદ્ધા-ભક્તિ સ્થાપિત થાય છે ત્યારે ભકતની કામના સત્વર પૂરી થાય છે. શ્રી સાઈબાબાની જીવનલીલા લખવાની મારા મનમાં ઉત્કંઠા જાગી કે તરત જ હું તે લખી શકયો. જેવી નોંધ-ટિપ્પણ લખી લેવાની આજ્ઞા થઈ તેવી જ મને પ્રેરણા સ્ફુરી તથા ગ્રંથ રચી પૂરો કરવાની મને બુદ્ધિ-શક્તિ મળી. હું સત્ય કહું છું કે આ ગ્રંથ લખવાની મારામાં કશી યોગ્યતા નથી, પણ કૃપાળુ બાબાના આશીર્વાદથી જ આ સાહસ પૂરું થઈ શક્યું છે. એ રીતે તૈયાર થયેલો આ ગ્રંથ હું વાચકો પાસે મૂકું છું. જે સોમકાંત મણિરૂપ અગર, અમૃતના કુંડરૂપ છે, જેમાં સાઈલીલારૂપી અમૃતનું ઝરણું અવિરત ઝરે છે; તે ભકતોને ધરાઈ ધરાઈને પીવાને માટે જ છે.

જ્યારે જ્યારે ભકતના હૃદયમાં શ્રીબાબાની સાચી ભક્તિ જાગે છે ત્યારે તેનાં સર્વ ભય-સંકટ નષ્ટ થાય છે તથા બાબા તેનું કલ્યાણ જ કરે છે. અહમદનગરના (હાલ પુનાના) દામોદર સાંવળારામ રાસ્ને કાસાર ઉર્ફે દામુઅણ્ણાની કથા ઉપર આપેલ સત્યનું જ દૃષ્ટાંત છે. તે આ નીચે આપું છું:



**દામુઅણ્ણા :** વાચકોને યાદ હશે કે છઠ્ઠા અધ્યાયમાં શિરડીમાં રામનવમી ઉત્સવની ઉજવણીમાં આ ગૃહસ્થનું નામ આપેલું છે. સને ૧૮૯૫માં રામનવમી-ઉત્સવના પ્રારંભમાં તે શિરડી આવ્યા ત્યારથી દર વર્ષ એ શુભ પ્રસંગ માટે પોતાના તરફથી એક જરીવાળી ધજા તો મોકલે છે. તેમજ આ પ્રસંગે શિરડીમાં આવેલા સાધુ-ફકીર તેમજ ગરીબોને તેમના તરફથી જ ભોજન અપાય છે.

**દામુના સટ્ટા :** (૧) રૂઃ દામુઅણ્ણાને મુંબઈના એક મિત્રે પત્ર લખ્યો કે આપણે ભાગમાં થોડું રૂના સટ્ટાનું કામકાજ કરીએ તો નફાના આશરે બે લાખ રૂપિયા મળે તેમ છે. (શ્રી બી.વી. નૃસિંહસ્વામીનો ગ્રંથ ભકતોના અનુભવ ભાગ ૨ પાન ૭૫. આ સટ્ટાની દરખાસ્ત એક દલાલે કરેલી અને તે ભાગમાં નહિ પણ સ્વતંત્ર કરવાનો હતો.) મિત્રે લખ્યું હતું કે ધંધો સારો છે અને તેમાં કોઈ જાતનું જોખમ નથી તથા આ તક જવા દેવા જેવી નથી. એથી દામુનું મન ગળવા માંડ્યું. છતાં આ સાહસનો નિર્ણય તે સત્વર કરી શકયો નહિ. પોતે બાબાનો ભકત હતો તેથી બધી વિગત સાથે એક પત્ર શિરડી શામા પર લખી બાબાને પૂછવા જણાવ્યું. બીજે દહાડે શામાને તે કાગળ મળ્યો અને શામાએ બપોરે મસીદમાં આવી તે કાગળ બાબાના ચરણમાં મૂકયો. એ કાગળ શેનો છે એમ બાબાએ શામાને પૂછ્યું ત્યારે તેણે કહ્યું કે "નગરના દામુઅણ્ણાએ એક બાબત આપની સલાહ માગી છે." ત્યારે બાબા બોલ્યા : 'એ શું લખે છે ? વળી નવું શું કરવા માગે છે ? આકાશમાં બાકાં ભરતો લાગે છે. ઈશ્વરે જેટલું આપ્યું છે તેટલાથી તેને સંતોષ નથી. ઠીક છે. એ કાગળ વાંચવો જોઈએ. ત્યારે શામાએ કહ્યું: "આપે હમણાં કહ્યું એ જ હકીકતનો પત્ર છે. દેવ, આપ તો અહીં બેઠા છો. ઊંચા-નીચા થનાર ભકતોને આપ અહીં ખેંચી લાવો છો. આપને આ કાગળમાં લખેલી વાતની ખબર છે. તો પછી વાંચવાનું મને કેમ ફરમાવો છો ?" છતાં બાબાએ કહ્યું: "શામા, તું કાગળ તો વાંચ. હું તો ફાવે તેવું બોલું છું. મારું કોણ માને છે ?"

એ પછી શામાએ એ કાગળ વાંચ્યો. બાબાએ ધ્યાનથી તે સાંભળ્યો; ને પછી બોલ્યા: "શેઠ (દામુ) ગાંડો થઈ ગયો છે. તેને ઉત્તર લખ કે ઘરમાં કોઈ ચીજની કમી નથી. મળે છે તેટલા અરધા રોટલામાં સંતોષ માન. લાખ પછવાડે દોડવું નથી." અને શામાએ તેને ઉત્તર લખી મોકલ્યો. દામુ તો ઉત્તરની રાહ જોતો જ બેઠો હતો. પણ ઉત્તર વાંચતાં લાખોના નફાની આશાના મિનારા જમીનદોસ્ત થયેલા લાગ્યા અને એમ પણ લાગ્યું કે મેં બાબાની સલાહ લેવામાં ભૂલ કરી છે. વળી શામાના પત્રમાં પણ

એવું સૂચન હતું કે સાંભળવામાં ને નજરે જોવામાં ફેર છે. માટે તમે શિરડી આવી બાબાનાં દર્શન કરી રૂબરૂ પૂછી જાવ. તેથી શિરડી જઈ બાબાની રૂબરૂ સલાહ લેવી તેને ઠીક લાગી. તેથી તે શિરડી આવ્યો અને બાબાનાં દર્શન કરી સાષ્ટાંગ પ્રણામ કર્યા તથા ચરણ દાબવા બેઠો. સટ્ટાની વાત બાબા આગળ કરવાની તેની હિંમત ચાલી નહિ. તેથી તેણે ત્યાં જ મનમાં સંકલ્પ કર્યો કે આ સટ્ટામાં હું બાબાનો થોડો ભાગ રાખું તો ઠીક. તો બાબા મને સહાય કરશે અને નફાનો ભાગ હું બાબાના ચરણે ધરીશ. આવા વિચાર તેના અંતરમાં ઘોળાતા હતા. પણ બાબાથી કશું છાનું નહોતું. તેમની સામે તો ભૂત-વર્તમાન-ભવિષ્ય હસ્તામલકવત્ સ્પષ્ટ હતાં. બાળક મીઠાઈ માગે છે છતાં મા તો તેને કડવી ગોળી જ દે છે. મીઠાઈથી બાળક માંદું પડે ત્યારે માને જ તેને સાજું કરવું પડે છે. તેથી જ બાળકનું હિત જોઈને મા તેને ફોસલાવીને કડવી ગોળી ખવડાવે છે. આવી દયાળુ માતા જેવા બાબા હતા. ભક્તોનું ભાવિ હિત શેમાં છે તેની બાબાને ખબર હતી. તેથી દામુનું અંતર વાંચીને બાબા બોલ્યા : ''બાપુ, આપણે આવા નફાની વાતમાં પડતા નથી.'' આમ બાબાની નામરજી જોઈ દામુએ એ સાહસ છોડી દીધું.

**દામુ :** (૨) અનાજનો વેપાર : એ પછી દામુએ ઘઉં, ચોખા ને બીજા અનાજનો વેપાર કરવાનો વિચાર કર્યો. બાબા તેના મનની આ વાત પણ જાણી ગયા અને તેને કહ્યું, ''રૂપિયાની પાંચ શેરની ખરીદીનું અનાજ રૂપિયાનું સાત શેર તારે વેચવું પડશે.'' એથી એ વેપારનો વિચાર પણ તેણે માંડી વાળ્યો. કેટલાક દહાડા તો અનાજના ભાવ ઊંચા રહ્યા અને બાબાની આગાહી ખોટી પાડતા લાગ્યા. પણ એકાદ માસમાં જ પુષ્કળ વરસાદ થયો અને ભાવ એકદમ નીચે બેસી ગયા. તેથી અનાજ સંગ્રહીને બેઠેલા વેપારીઓ ભારે ખોટમાં ઊતરી પડ્યા. પણ દામુ આમાંથી બચી ગયો. પેલો રૂનો સટ્ટો પણ મિત્રે બીજાના ભાગમાં કર્યો, તો, તે પણ ભારે નુકસાનીમાં સપડાઈ ગયો. આમ બાબાએ દામુને રૂના સટ્ટાની નુકસાનીમાંથી તેમજ અનાજના વેપારની ખોટમાંથી બચાવી લીધો. એથી દામુની શ્રદ્ધા વધુ દૃઢ થઈ અને તે દિવસથી બાબાનો સાચો ભક્ત બન્યો અને છેવટ સુધી પણ તે બાબાનો પરમ ભક્ત રહ્યો.

**આમ્રલીલા :** એક વાર પચીસ ડઝન મીઠી હાફુસ કેરીનું પાર્સલ શિરડી આવ્યું. રાળે નામે મામલતદારે તે ગોવાથી શામાના નામે બાબા પર મોકલ્યું હતું.



પાર્સલ ખોલ્યું. કેરી સરસ હતી. બાબાએ શામાને એ સાચવવા આપી. તેમાંથી માત્ર ચાર કેરી બાબા એક કોલંબ (માટલી)માં મૂકીને બોલ્યા: ''આ ચાર કેરી દામુઅણ્ણા માટે ભલે અહીં પડી.''

દામુઅણ્ણાને ત્રણ સ્ત્રીઓ હતી (નૃસિંહસ્વામીના લેખ મુજબ બે જ સ્ત્રીઓ હતી.) પણ એકને સંતાન નહોતું. પોતે જોશીઓ પાસે ભવિષ્ય જોવડાવ્યું અને પોતે પણ જ્યોતિષનો અભ્યાસ કરીને જોયું, પણ તેના સંતતિસ્થાનમાં પાપગ્રહ હોવાથી જિંદગીમાં સંતાનનો યોગ જ નહોતો. તેને બાબા પર પૂર્ણ શ્રદ્ધા હતી. પેલું કેરીનું પાર્સલ આવ્યા પછી બે કલાક બાદ તે શિરડી આવ્યો ત્યારે બાબાએ તેને કહ્યું, ''ભલે બીજા લોકો કેરી માટે તાકી રહે. પણ આ તો દામુઅણ્ણા, તારી છે. તું તે ખા અને મર.'' દામુને આ શબ્દો સાંભળી આઘાત લાગ્યો. પણ ભક્ત મહાળસાપતિએ સમજાવ્યું કે ''મોત એટલે તો અહંત્વનું મોત સમજવાનું છે. બાબાના ચરણમાં બેસી મોત આવે તે પણ આશીર્વાદ સમાન છે. માટે આ ફળનો સ્વીકાર કરીને તે ખાઈ જાવ.'' ત્યારે બાબાએ કહ્યું, ''આ કેરીઓ તારે ખાવાની નથી. તારી નવી બૈરીને તે આપજે. આ ચાર કેરીની આમ્રલીલા વડે તને ચાર પુત્રો થશે.'' દામુએ તે મુજબ કર્યું અને થોડા જ સમયમાં બાબાનાં વચનો સાચાં પડ્યાં અને જોશીઓનાં ખોટાં ઠર્યાં.

બાબા હયાત હતા ત્યારે તેમના વચનની મહત્તા ભારે હતી. તેઓએ મહાસમાધિ લીધા પછી પણ એ મહત્તા હજુ એવી જ સબળ છે. બાબાએ કહેલું, ''શ્રદ્ધા રાખજો. મારો દેહ પડી ગયા પછી પણ મારી સમાધિમાંથી મારાં હાડકાં તમારામાં આશા-વિશ્વાસ પ્રેરશે. હું પોતે નહિ, પણ મારી સમાધિ બોલશે. હાલશે-ચાલશે અને મારું સાચું શરણ પકડનારની જોડે વાતો પણ કરશે. મારાં હાડકાં તમારા કલ્યાણની વાતો તથા વિવેચન કરતાં તમે સાંભળશો. મને સદા યાદ કરજો. મારામાં શુદ્ધ અંતઃકરણથી શ્રદ્ધા રાખશો તો તમારું અવશ્ય ભલું-કલ્યાણ જ થશે.''

**પ્રાર્થના :** એક પ્રાર્થના કરીને આ અધ્યાય સમાપ્ત કરીએ :

હે સાઈ સદ્‌ગુરુ, હે ભક્તના કલ્પતરુ, અમે આપને પ્રાર્થના કરીએ છીએ. આપના ચરણનું કદી વિસ્મરણ ન થાય એવી બુદ્ધિ અમને દેજો. આ સંસારના જન્મમરણના ફેરાથી અમે થાક્યા છીએ માટે અમને મુક્ત કરો. અમારી ઇન્દ્રિયો સંયમી બને, અમારી વૃત્તિ અંતર્મુખ વળે અને અમે આત્મદર્શન પામીએ ! પુત્ર, સ્ત્રી,

*મિત્ર એ કોઈ કશા કામનાં નથી. એકલા આપ જ અમને આનંદપ્રદ મુક્તિદાતા છો. અમારી વિપદ્વિહારી દુષ્ટ વૃત્તિ નષ્ટ કરજો. સર્વ ભૂલીને અમે સદા આપનું નામસ્મરણ કરીએ ! ચંચલતા દૂર કરી અમારો હાથ પકડજો અને અહંત્વ તથા અજ્ઞાનને નષ્ટ કરજો. આપની લીલાનું અમૃત પાઈ અમને ઊંઘમાંથી જગાડ્યા છે તે પૂર્વજન્મનાં પુણ્ય તથા આપની કૃપાનું જ ફળ છે.*

*તા.ક. આ વિષે દામુનો પોતાનો ઉપરોકત હકીકત અંગે નીચેનો ફકરો વાંચવા સરખો છે : ''એક વાર હું જ્યારે બીજા જોડે મસીદમાં બાબાના ચરણ પાસે બેઠો હતો ત્યારે મારા મનમાં બે પ્રશ્ન ઊઠેલા અને એ બન્નેના ઉત્તરો સ્વયં બાબાએ આપ્યા હતા: ૧) બાબા પાસે ટોળાબંધ લોકો આવે છે તે સૌને લાભ મળતો હશે ખરો? આના ઉત્તરમાં બાબાએ કહેલું : 'પેલો ફૂલ તેમજ મ્હૉર આવેલો આંબો જુઓ. એ સર્વ ફૂલ તથા સર્વ મ્હૉરને ફળ બેસે તો કેટલો ભારે પાક ઉતરે ? પણ કંઈ બધાને ફળ બેસે છે ? ઘણા તો ફળરૂપે કે નાની કાચી કેરીરૂપે જ પવનથી કે વર્ષાની ઝડીથી ખરી પડે છે. પછી આંબા પર કેરીઓ તો થોડી જ રહે છે.''*

*યા બીજો પ્રશ્ન મારા પોતાને વિષે હતો. બાબા ગુજરી જશે તો મારું શું થશે? મારી કેવી નિરાધાર સ્થિતિ થશે ! તેનો ઉત્તર બાબાએ આપેલો : 'જ્યારે જ્યારે જે જે સ્થળે તું મારું ચિંતન કરીશ ત્યારે ને ત્યાં હું હાજર થઈશ.' આ વચન સને ૧૯૧૮ પછી પણ બાબા પાળતા આવ્યા છે. હજુ પણ તે મારા સાથે જ છે ને મને દોરી રહ્યા છે.... જ્યારે મારી બહેન ગુજરી ગઈ ત્યારે મારું મન બહુ ઉદ્વિગ્ન થયું. જીવન કે સુખોપભોગની રુચિ જ ઊડી ગઈ. ત્યારે બાબાએ મને ઉપદેશ આપી શાંત કર્યો હતો. એક વાર મારા ઘરમાં ખાતર પડ્યું; જેમાં મારો એક ત્રીશ વર્ષનો જૂનો મિત્ર જ મારી સ્ત્રીના દાગીનાની પેટી ચોરી ગયો. તેમાં નાકની મંગળ નથ પણ હતી. બાબાના ફોટા પાસે બેસી હું ખૂબ રોયો. એ જ દહાડે સાંજે પેલો માણસ દાગીનાની પેટી પાછી આપી ગયો અને મારી માફી માગી.*

**સ્વસ્તિ શ્રી સંતસજ્જનપ્રેરિતે ભકતહેમાડપંતવિરચિતે**
**શ્રી સાઈસમર્થસચ્ચરિત્રે 'ભકત અભીષ્ટસંપાદન'**
**નામ પચ્ચીસમો અધ્યાય સંપૂર્ણ**
**। શ્રી સદ્ગુરુસાઈનાથાર્પણમસ્તુ । શુભં ભવતુ ।**